જા.નં./પેન્શન/૧૭-૧૮/ ૮૩૫૨-૮૫૮૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
કારેલી બાગ, વડોદરા
તા.૦૯/૦૨/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ,
તમામ, જિ.વડોદરા

વિષય :- સાતમાં પગાર પંચનાં સ્ટીકર મેળવવા અંગેની કાર્યવાહી બાબત..
સંદર્ભ :- નાણાં વિભાગનાં પરિપત્ર ક્રમાંકઃપગર-૧૦-૨૦૧૬-ઓ-૫૭૮(૧૬)-પગાર એકમ
તા.૦૭-૨-૨૦૧૮

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સાતમા પગાર પંચના અમલ સંદર્ભે ઓન લાઇન પગાર ચકાસણી કરી પી.વી.યુ. ગાંધીનગર ખાતેથી સ્ટીકર મેળવવાની કાર્યવાહી હાથ ધરવાની સૂચના ઉક્ત સંદર્ભદર્શિત પત્રાથી મળેલ છે, તે મુજબ જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળામાંથી તા.૦૧-૦૧-૨૦૧૬ થી ૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં નિવૃત્ત થયેલ/થનાર કર્મચારીઓના સાતમાં પગાર પંચ મુજબ ઓન લાઇન પગાર બાંધણીના કેસ ઓન લાઇન ચકાસણી માટે નીચે જણાવ્યા મુજબનાં દિવસોએ કરવાનું નકકી કરવામાં આવેલ છે તે મુજબ ફાળવેલ તારીખે શાળાઓએ તા.૦૧-૦૧-૨૦૧૬ થી ૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં નિવૃત્ત થયેલ/થનાર સમયગાળા દરમ્યાન નિવૃત્ત થયેલ/થનાર કર્મચારીઓની અસલ સેવાપાથી અને નીચે જણાવ્યા મુજબની વિગતો સાથે હાજર રહેવુ.

(૧) છઠ્ઠા પગાર પંચનું સ્ટીકર સ્કેન કરવું.
(૨) તા.૦૧-૦૧-૨૦૦૬ પછી કોઇ ઇવેન્ટ હોય તે (જેવી કે ઉ.પ.ધો./બઢતીનો સિકકો સ્કેન કરવો)
(૩) તા.૦૧-૦૧-૨૦૦૬ પછી (કપાત પગારી રજા/ બરતરફી/ફરજમૌકૂફી વગરે ની નોંધનું પેજ સ્કેન કરવું)

ક્રમ નં. ૧ થી ૩ ની વિગતો સ્કેન કરી એક જ પી.ડી.એફ. ફાઇલમાં બે એમ.બી.માં કર્મચારી વાઇઝ ફોલ્ડર બનાવવું અને સી.ડી.માં કોપી કરીને લાવવું. સી.ડી.પર શાળાનું નામ અને એસ.વી.એસ.નો નંબર લખવાનું રહેશે.



Scanned by CamScanner

હાલ તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૦૩-૨૦૧૯ સુધીમાં નિવૃત્ત થયેલ/થનાર કર્મચારીઓની જ માહિતી સી.ડી.માં લાવવી શાળાનાં અન્ય કર્મચારીઓ માટે અત્રેથી અલગથી સૂચના આપવામાં આવશે.

સાતમાં પગાર પંચ મુજબ ઓન લાઇન પગાર બાંધણીના કેસ ઓન લાઇન ચકાસણી કરવાની કામગીરી માટે નીચે જણાવ્યા મુજબની ફાળવેલ તારીખે એસ.વી.એસ.ની શાળાઓએ હાજર રહેવુ. વધુ પ્રમાણમાં કર્મચારીઓની ઓન લાઇન ચકાસણી કરી કેસ અપલોડ કરવાના હોઇ નેટની સ્પીડ તથા ટેકનીકલ ખામી સર્જાવાની શકયતાને ધ્યાનમાં લઇ ફાળવેલ તારીખે કોઇ શાળાની કામગીરી બાકી રહે તો અન્ય તારીખ ફાળવવામાં આવશે જે બાબતે સહકાર આપશો.

| ક્રમ | એસ.વી.એસ.નું નામ | ચકાસણી માટે આ કચેરી ખાતે ફાળવેલ તારીખ |
|---|---|---|
| ૧ | એસ.વી.એસ.-૧ | તા.૧૬-૦૨-૨૦૧૮ |
| ૨ | એસ.વી.એસ.-૨ | તા.૧૭-૦૨-૨૦૧૮ |
| ૩ | એસ.વી.એસ.-૩ | તા.૧૯-૦૨-૨૦૧૮ |
| ૪ | એસ.વી.એસ.-૪ | તા.૨૦-૦૨-૨૦૧૮ |
| ૫ | એસ.વી.એસ.-૫ | તા.૨૧-૦૨-૨૦૧૮ |
| ૬ | એસ.વી.એસ.-૬ | તા.૨૨-૦૨-૨૦૧૮ |
| ૭ | એસ.વી.એસ.-૭ | તા.૨૩-૦૨-૨૦૧૮ |

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા



Scanned by CamScanner